ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૧-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

ડહોળાયેલા રાજકીય વાતાવરણમાં 'આપ' ક્યાં?

દિલ્હીમાં મકરસંક્રાંતિની સાથે જ એકાએક રાજકીય વાતાવરણમાં ગરમી આવી ગઈ છે. આગામી લોકસભાની ચૂંટણીને નજર સમક્ષ રાખી બધા પક્ષો પોતપોતાની બાજી ચીપી રહ્યા છે. ભાજપના નેપથ્યમાં બેઠાં બેઠાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સ્પષ્ટ સંભળાય એવા અવાજમાં પ્રોમ્પ્ટિંગ કરી રહ્યો છે. ભાજપને એ 'આપ'ની વધતી જતી લોકપ્રિયતા સામે ચેતવતો રહે છે. હિંદુત્વના મુખ્ય એજંડાથી ભટકી નહીં જવાની તાકીદ પણ કરતો રહે છે. મોદીના નામનોવધુમાં વધુ પ્રચાર થાય; એમને સ્વચ્છ, સુશાસન આપવાના અનુભવી નેતા ઉપરાંત નીચલા થરના પ્રતિનિધિ તરીકે રજૂ કરી વિકાસના અગ્રદૂત તરીકે સ્થાપિત કરવામાં કોઈ કચાશ ન રહી જાય એની સંઘના મોવડીઓને અહર્નિશ ચિંતા સતાવ્યા કરે છે. 'આપ'ના ઉદયથી ભાજપનું મોવડીમંડળ અને વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી હચમચી ગયા હતા. હવે 'આપ'માં આંતરિક વિખવાદ શરૂ થયો છે તેથી એમને જરૂર થોડી રાહત અનુભવાઈ રહી હશે. કોંગ્રેસે દિલ્હીનું રજવાડું ખોયા પછી દિલ્હીનું મયૂરાસન સાચવવાની કસરત શરૂ કરી છે. માર એવો સખત પડયો છે કે ઝટકળ વળે એમ નથી. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ભાજપ છવાઈ ગયો છે, ગુજરાતમાં ભાજપ બધી બેઠકો જીતવાની નેમ ધરાવે છે, કર્ણાટકમાં યેદિયુરપ્પા નામના જાદુગર સ્વગૃહે પાછા ફર્યા છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપીનું સખળડખળ સર્વવિદિત છે. આંધ્રપ્રદેશમાં કોંગ્રેસ પાસે કોઈ 'વાયએસઆર' કક્ષાનો લોકપ્રિય નેતા નથી અને તેલંગાણાના પ્રશ્ને ખુદ જૂના કોંગ્રેસીઓ નારાજ છે. તમિલનાડુમાં કરુણાનિધિએ અને પશ્ચિમ બંગમાં મમતા બેનરજીએ મોં ફેરવી લીધું છે. કોંગ્રેસનું અત્ર-તત્ર-સર્વત્ર ધોવાણ થઈ ચૂક્યું છે એવા સંજોગોમાં પાર્ટીએ રાહુલ ગાંધીને સુકાની પદ સોંપી આંખો મીચીને ચૂંટણીનાં ધસમસતાં પૂરમાં સામા પૂરે તરવાનું છે. જે અનુકૂળતાઓ છેલ્લી વિધાનસભાની ચૂંટણીઓ પછી ભાજપના પક્ષે સરજાઈ છે, તેથી તદ્દન વિરોધાભાસી સંજોગોમાં મુકાયેલી કોંગ્રેસ માટે આશાનું કિરણ હોય તો તે આમ આદમી પાર્ટી નામનું ત્રીજું પરિબળ છે. પરંતુ આ પરિબળ આગામી ત્રણેક મહિના સુધીના ગાળામાં રાષ્ટ્રીય સ્તરે કેટલું કાઠું કાઢી શકશે તે પ્રશ્ન છે. આંદોલનમાંથી જન્મેલો આ નવો રાજકીય પક્ષ હજી એની શિશુ અવસ્થામાં છે. એને પા-પગલી ભરતાં સીધું જ મોઢામાં મૂકવા પ્રયત્ન કરે છે. એ જ હાલત આમ આદમી પાર્ટીની છે. એની મહત્ત્વાકાંક્ષા એકાએક વધી ગઈ છે. દિલ્હી તો પૂરા કદનું રાજય પણ નથી. વળી દિલ્હીમાં આપને જે તક સાંપડી છે તે કોંગ્રેસના સમર્થનને આભારી છે. કોંગ્રેસે એને હેતુપૂર્વક ટેકો આપ્યો છે અને તે પણ મુદ્દા આધારીત છે. આટલું જાણતા હોવા છતાં 'આપ'ના નેતાઓ એકતા જાળવી શકતા નથી, એ બધા એકમેકને વિરુદ્ધ ખુલ્લેઆમ કાદવ ઉછાળી રહ્યા છે. હજી દિલ્હી સરકારની રચનાને પૂરો એક મહિનો પણ થયો નથી ત્યાં એમના આંતરિક મતભેદ સપાટી પર આવી રહ્યા છે. બિન્નીને મંત્રીપદ જોઈતું હતું, જે કેજરીવાલ આપી શકયા નથી. એ પછી એ લોકસભાની બેઠક માગી રહ્યા છે, જે વિશે હજી ચર્ચા જ શરૂ થઈ નથી. બિન્ની ઉપરાંત ટીના શર્મા નામનાં મહત્ત્વાકાંક્ષી મહિલા પણ 'આપ'ની વિરુદ્ધ આગ ઓકવા લાગ્યાં છે. બિન્ની મૂળે કોંગ્રેસી છે, ટીના ભાજપમાંથી છૂટાં થઈને આવ્યાં છે. કેજરીવાલને આવાં તત્વો સરખી રીતે કામ કરવા દે એ વાતમાં માલ નથી. જે કોંગ્રેસના ટેકે સરકાર ઊભી છે એના મુખ્ય નેતા-રાહુલ સામે કુમાર વિશ્વાસે અમેઠીમાં અડિંગો લગાવ્યો છે. આ બધા વિરોધાભાસો જોતાં 'આપ'નું ભવિષ્ય બહુ ઊજળું લાગતું નથી. કુમાર વિશ્વાસે નરેન્દ્ર મોદીને શિવ સાથે સરખાવ્યા હોવાની વાત બહુ જૂની નથી. નવાં નવાં આપ પાર્ટીનાં સદસ્ય બનેલાં પ્રસિદ્ધ નૃત્યાંગના મલ્લિકા સારાભાઈને પોતે ઓળખતા જ નહીં હોવાની વાહિયાત રજૂઆત કરીને કુમાર વિશ્વાસે એમનું પોત પરખાવી દીધું છે. 'આપ' પાર્ટીના ગુજરાત એકમ સામે પણ ગંભીર સ્થાનિક કક્ષાએ ભાંગફોડિયાં તત્વો સક્રિય થયાં છે. 'આપ'ની થિંકટેંક ગણાતા સેફોલોજિસ્ટ યોગેન્દ્ર યાદવ ગંભીર વ્યક્તિ છે અને હાલ પાર્ટીના ટૂબલશૂટર તરીકેની કામગીરી સંભાળી રહ્યા છે. જો કે બિન્ની જેવા બિન જવાબદાર અને સ્વકેન્દ્રી આગેવાનોનો બળવો ઠારવામાં એ પણ નિષ્ફળ જ રહ્યા છે. ભાજપની ભાષા બોલી રહેલા બળવાખોર નેતાને શો કૉઝ નોટિસ આપવાથી પાર્ટીમાં રહેલા અસંતુષ્ટો વધારે ઉગ્ર બનવાની સંભાવના છે. કેજરીવાલ રાતોરાત ચૂંટણીવચનો પૂરાં કરી દે એવા કોઈ ચમત્કારિક દેવદૂત તો છે નહીં. સ્વ કેન્દ્રી અન્ના સમર્થક કિરણ બેદીને ભાજપે હાથપર લઈને 'આપ'નો ઘડોલાડવો કરવાનો વ્યૂહ ગોઠવ્યો હોય એવું વરતાઈ રહ્યું છે. 'આપ' જો રાષ્ટ્રીય સ્તરે કાઠું કાઢવા ઉત્સુક હોય તો એણે એની નીતિઓ વેળાસર ઘડી કાઢી દેશની પ્રજા સમક્ષ મૂકવાની જરૂર છે. ફકત ભ્રષ્ટાચાર નાબૂદીની વાતો કર્યા કરવાથી એને પ્રજા સ્વીકારશે નહીં. કોંગ્રેસની બી-ટીમ તરીકે ઓળખાવીને એને લોક નજરમાં ઉતારી પાડવાના ભાજપના વ્યૂહ સામે જો કુમાર વિશ્વાસને અમેઠીમાં ચૂંટણી લડવી દેવાશે તો બાવાનાં બેય બગડશે. અધવચ્ચે કોંગ્રેસ ટેકો પાછો ખેંચવાની જાહેરાત કરી શકે છે. એ જુદી વાત છે કે છ મહિના સુધી સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત ન આવી શકે, પરંતુ ટેકો પાછો ખેંચાય પછી 'આપ'ને નૈતિક રીતે રાજસત્તા ભોગવવાનો કોઈ અધિકાર નહીં જ રહે.

અંગ્રેજી માધ્યમમાં પરીક્ષાથી ગુજરાતી ઉમેદવારોને ફટકો

અમદાવાદ, તા.૧૬

ગુજરાત પબ્લીક સર્વિસ કમિશનની પરીક્ષાનાં માળખામાં તાજેતરમાં કરવામાં આવેલા કેટલાંક ફેરફારોનાં એક અંદરે ઉમેદવારો દ્વારા આવકારવામાં આવ્યા છે પરંતુ ગુજરાતી માધ્યમની સાથે અંગ્રેજી માધ્યમમાં પણ પરીક્ષા આપી શકાય તેવી નિર્ણય લેવામાં આવતા ગુજરાતી ઉમેદવારોમાં આ નિર્ણયનાં પગલે નારાજગી ફેલાઈ છે. પરીક્ષામાં અંગ્રેજી માધ્યમના વિકલ્પનાં કારણે અન્ય રાજયોનાં ઉમેદવારોને પણ મોકો મળતા ગુજરાતી ઉમેદવારો માટે વધારે કપરી પરિસ્થિતિ નિર્માણ થસે તેવી ભીતી ગુજરાતી ઉમેદવારોનું માનવું છે.

ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી જીપીએસસીની પરીક્ષાનાં માળખામાં કેટલાંક પાયાના ફેરફારો પરીક્ષા કમીટી દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં વિષય પસંદગીથી માંડી ઓએમઆર પદ્ધતિ દાખલ કરવામાં આવતા ઉમેદવારો દ્વારા નવા માળખાને આવકારવામાં આવ્યું છે. ડિસ્ક્રીપ્ટીવ પેપરમાં નબળો દેખાવ કરતા ઉમેદવારો માટે આ માળકું ફળદાયી નીવડશે. પરંતુ કમિટી દ્વારા ઉમેદવારોને અંગ્રેજી માધ્યમમાં પણ પરીક્ષા આપી શકવાનો વિકલ્પ આપવામાં આવ્યા છે. જેના પગલે જીપીએસસીની પરીક્ષાની તેયારી કરતા ગુજરાતી ઉમેદવારોમાં નારાજગી ઉભી થઈ છે. આ નિર્ણયને લઈને બ્રીજેશ ચૌહાણ નામનાં ઉમેદવારે જણાવ્યું હતું કે મુશ્કેલી નિર્માણ થસે. અન્ય રાજયોનાં ઉમેદવારોની સરખામણીએ ગુજરાતનાં ઉમેદવારો અંગ્રેજીમાં નબળા હોવાના કારણે અન્ય રાજયના ઉમેદવારોને તક મળતા ગુજરાતી ઉમેદવારો સામે કોમ્પીટીશન વધશે. તદુંપરાત ગુજરાતી ુમેદવારોની પસંદગીની શક્યતા પણ ઓછી થશે. તેથી આ નિર્ણય ઉમેદવારોનાં હિત વિરોધી ગણાવી શકાય જયારે કેયુર કાપડીયા નામનાં ઉમેદવારે જણાવ્યું હતું કે અંગ્રેજી માધ્યમના સમાવેશથી ગુજરાતના સરકારી વિભાગોમાં અન્ય રાજયોનાં ઉમેદવારોને નોકરી મળવાનાં ચાન્સ વધી જશે.

સરસ્વતી વિદ્યાલય સેક્ટર-૬/બી ખાતે પતંગોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પતંગ ચગાવવાની મજા માણી હતી.

કડી કેમ્પસના બ્રહ્માણી હોલ ખાતે આવતીકાલે

૧૩મી રાજ્યકક્ષાની વાર્ષિક કોન્ફરન્સ યોજાશે

'રીસર્ચ મેથડ્સ એન્ડ મેથડોલોજી'ની થીમ પર સંશોધન પત્રો રજુ થશે : ગુજરાત યુનિ. ઈકોનોમિક્સ ટીચર્સ એસોસિએશન અને કડી યુનિવર્સિટીનું સંયુક્ત આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સે. ૨૩માં આવેલ કડી કેમ્પસમાં બ્રહ્માણીકૃપા મેમોરિયલ ઓડીટોરીયમ ખાતે ગુજરાત યુનિવર્સિટી ઈકોનોમિક્સ ટીચર્સ એસોસિએશન તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮મી જાન્યુઆરી શનિવારે ૧૩મી રાજ્યકક્ષાની વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સની મુખ્ય થીમ 'રીસર્ચ મેથડ્સ એન્ડ મેથડોલોજી' રાખવામાં આવી છે. આ કોન્ફરન્સ સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન યોજાશે.

આ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના હસ્તે કરાશે. તેમજ આ કોન્ફરન્સમાં અમદાવાદની જીએલએસ-બીબીએના આચાર્ય વાડીભાઈ પટેલ મુખ્ય મહેમાન અને સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમિક્સ એન્ડ સોશીયલ રીસર્ચના ભૂતપુર્વ પ્રોફેસર ડૉ. રોહિત શુકલા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેશે. ડૉ. રોહિત શુકલા સોશીયલ સાયન્સ ક્ષેત્રે થયેલ સંશોધનો પર પ્રકાશ ફેંકશે, જ્યારે એમ.એસ. યુનિવર્સિટીના રીટાયર્ડ પ્રાધ્યાપક નિરંજન પંડ્યા સંશોધન વિષય પર અહેવાલ લેખનને પ્રાધાન્ય આપશે. આ ઉપરાંત યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ બિઝનેશના ડૉ. કિશોર ભાનુશાળી અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના રિસર્ચ ડિપાર્ટમેન્ટના ડીન ડૉ. રાજમલ જૈન તેમના વ્યક્તવ્યથી વિદ્યાર્થીઓને પથદર્શન કરાવશે.

આ કોન્ફરન્સમાં ભાગ લેનાર એકેડેમી શિયન્સ અને વિદ્યાર્થીઓ તેમજ રીસર્ચ સ્કોલર્સ દ્વારા 'સોશીઓ ઈકોનોમીક રીવ્યુ ઓફ ગુજરાત-સંદર્ભ ૨૦૦૫થી ૨૦૧૩ વિષય પર રીસર્ચ પેપર્સ રજૂ કરાશે. જેમાંથી શ્રેષ્ઠ રજૂઆતને સ્વ. પ્રો. એમ.એસ. ત્રિવેદી મેમોરિયલ ટ્રોફી એનાયત કરવામાં આવશે.

કુ. સ્નેહલ પટેલનું 'આરંગેત્રમ્'

ગાંધીનગર દિવસે ને દિવસે સાહિત્ય ઉપરાંત કલા ક્ષેત્રે એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરતું જાય છે. શહેરમાં વિવિધ કલા ક્ષેત્રે અનેક કલાકારો તેજસ્વી તારલાની જેમ ટમટમી રહ્યા છે. સે-૨૮ના કનુભાઈ પટેલ અને રેખાબેન પટેલની સુપુત્રી કુ. સ્નેહલ પટેલ પણ તેની સાત વર્ષની કલાસાધનાને મૂર્તિમંત કરવા માટે ૧૯મી જાન્યુઆરીએ 'આરંગેત્રમ્'નું પદાર્પણ કરી રહી છે. કડી કેમ્પસમાં આવેલ ખીમજી વશરામ સંસ્કાર ભવનમાં બપોરે ૧ થી ૩ વાગ્યા દરમિયાન યોજાશે.

કડી સંકુલમાં આવેલ આર.એન. લલિતકલા એકેડેમીના કલાગુરૂ શકુંતલાબેન ઓઝાની શિષ્યા કુ. સ્નેહલ 'આરંગેત્રમ્' અવસરથી કલાક્ષેત્રે પદાર્પણ કરનાર છે. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ.કનુભાઈ પટેલ સમારંભના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેશે તેમજ ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ગુજરાત રૂરલ હાઉસીંગ બોર્ડના નિવૃત્ત સુપ્રિમ એન્જીનીયર કમિશનર એમ.એ. પટેલ, નાનાબાર સમાજના પ્રમુખ રમણલાલ પટેલ, અશ્વમેધ કોર્પોરેશનના ચેરમેન બાબુભાઈ પટેલ વગેરે મહાનુભાવો મુખ્ય મહેમાન પદે હાજર રહેશે.

કુ. સ્નેહલ પટેલ ૨૧ વર્ષની વયે તેમનું 'આરંગેત્રમ્' કરી રહ્યા છે અને તેઓ સે-૧૫ ખાતે આવેલ સરકારી કોલેજના ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીની છે. તેઓ આ કાર્યક્રમમાં તોડમંગલમ્, ગણેશ કૌતુવમ્, અલ્લારિપુ, જતિસ્વરમ્, કિર્તનમ્ જેવી અનેક કૃતિઓ રજૂ કરનાર છે.

હરિની દૃષ્ટિ...

આ માણસો કેટલા દયાળુ છે, ઉત્તરાયણમાં આપણે જેટલા પક્ષી ગુજરી ગયા તેની સ્મશાન યાત્રા કાઢી છે... હવે લાગે છે આર્થિક સહાય પણ ચાલુ કરશે...!!

બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનોએ જીવન ઉપયોગી ચીજવસ્તુઓ બનાવતા શિખવાડી

ગાંધીનગર, તા. ૧૬

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સ્નેહમિલન અને ક્રિએટીવ એકટીવીટી કાર્યક્રમ બ્રહ્મભવન સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

એડવોકેટ મુનીન્દ્રભાઈ જોષી અને જયશ્રીબેન પંડ્યાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો. કાર્યક્રમમાં મહિલાઓને ગૃહ ઉદ્યોગ કરી પગભર થઈ જીવન નિર્વાહ કરી શકે તે હેતુથી કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં મહિલાઓને ડીઝાઈનર નેપકીન, પેઈન્ટીંગ, વુડન પેઈન્ટીંગ, સીરામીક ટાઈલ્સ પેઈન્ટીંગ, વેલવેટ એન્ડ લેધર થેલા, પર્સ, ડોલ, તોરણ, દિવેટોની દીપમાળ, ગ્લાસ પેઈન્ટીંગ જેવી ક્રિએટીવ કરી જીવનમાં ઉપયોગી થઈ શકે છે.

જીઈબી કોલોનીની શાળા નં. ૧માં જ્ઞાન ચકાસણી અને પતંગોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

થર્મલ પાવર સ્ટેશન કોલોની ખાતેની સરકારી પ્રાથમિક શાળામાં જ્ઞાન ચકાસણી, ફુડ પેકેટ વિતરણ અને પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

જી.ઈ.બી.ની સરકારી પ્રાથમિક શાળામાં તાજેતરમાં શાળાના આચાર્યા અને સી.આર.સી. દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જ્ઞાન ચકાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખુબજ કુનેહપૂર્વક સવાલોના જવાબો આપ્યા હતા.

તેમજ શાળાના વિદ્યાર્થીઓને શહેરની જાણીતી રાધે સ્વીટમાર્ટના માલિક ચંદ્રકાન્તભાઈ, કપિલાબેન અને ફાલ્ગુનીબેન સુખડિયા દ્વારા ઉત્તરાયણ નિમિત્તે શાળાના બાળકોને ચીક્કી સહિત ફુડપેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર હંસાબેન મોદી ઉપસ્થિત રહ્યા હતા.

શાળામાં વિદ્યાર્થીઓએ પતંગ મહોત્સવ ઉજવ્યો હતો. શાળાના તમામ વિદ્યાર્થીઓએ શાળાના પટાંગણમાં પતંગ ચગાવી પેચ કર્યા હતા. તમામ બાળકોને આચાર્ય દ્વારા અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્સાહ વધાર્યો હતો.

ઈન્ફોસીટી કોલેજમાં રમતોત્સવ

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે મીની રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં બુક ઓન હેડ, પાસિંગ ધ બોલ, બોલ બિટવીન લેગ્ઝ, થ્રી લેગ્સ રેસ, થ્રીડિંગ ધ નીડલ, અનફોલ્ડિંગ નટસ, બેલેસિંગ ધ બુક જેવી ઈન્ડોર ગેમ્સ યોજવામાં આવી હતી. રમતોત્સવમાં શાલા પરિવારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પુરુષોત્તમ ઉપાધ્યાય... હાર્મોનિયમની સફેદ અને કાળી પટ્ટીઓ વચ્ચે ગૂંજતો સ્વરાત્સવ...

'શિવરંજની'ના ભક્તિરસથી ઉડતાં પતંગે કરાવી મધુરાં સ્વરની સહેલ : 'મન હસે તો સુખની હેલી, નહીં તો દુઃખનો દરિયો'

ગુજરાતી સંગીતનો શ્વાસ એવા સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાય એંશી વર્ષેય અડિખમ અવાજ સાથે સર્વોત્તમ

ગુજરાતી ગીત સંગીત એટલે અવિનાશ વ્યાસનો શ્વાસ અને એમું જીવતું જાગતું રેકોર્ડર એટલે પુરુષોત્તમ ઉપાધ્યાય, હાર્મોનિયમની સફેદ અને કાળી પટ્ટીઓ વચ્ચે સંપ કરાવી, સૂર ઉપજાવવા ધમણ ફૂંકતા અને એ સાથે શ્વાસ ભરી સૂર રેલાવતાં સ્વરકાર પુરુષોત્તમ એમની એંશી વર્ષની વયે અડિખમ અવાજ સાથે આખી મહેફિલ માથે લેવાની ક્ષમતા સાથે બેસ્ટ પરફોમન્સ સાબિત થાય છે. અવિનાશ વ્યાસની કેટલીક અપ્રસ્તુત વાતો વાગોળતા અને ભક્તિરસની રચનામાં તલ્લીન થતાં આ કલાકાર ગુજરાતી સંગીતનો દસ્તાવેજ બની રહ્યાં છે...

'શિવરંજની'એ એના આ વર્ષના પાંચમા કાર્યક્રમ તરીકે હવે મંદિરનાં બારણાં ઉઘાડો મોરી માં...!ના શીર્ષક હેઠળ ભક્તિરસનો કાર્યક્રમ યોજ્યો અને એમાં દોઢ હજાર ગીતો જેમને કંઠસ્થ છે એવાં ગુજરાતી સુગમ સંગીતનાં શ્વાસ એવાં સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાય ભક્તિનો સૂર છેડવાનાં હોય એટલે મંદિરના દ્વાર ઉઘડયાં જ સમજો. ગણપતિ અને દેવીની સ્તુતિ સાથે 'સર્વ મંગલ્યે'નું ગાન એટલે કાર્યક્રમનું મંગલમય બને એવી શ્રદ્ધા સાથે કાર્યક્રમનાં ઉદ્‌ઘોષક મીઠી વાણીનાં માધાંતા તેજસ મજુમદારે 'ભવાની અષ્ટકમ' લલકારીને ભજન સંધ્યા શરૂ કરાવી. કાર્યક્રમનાં ટાયટલ સાથએ પુરુષોત્તમ ઉપાધ્યાયે હવે મંદિરના બારણાં ઉઘાડો મોરી માં આવી નોરતાની રાતનું ભજન લલકાર્યું...

ગુજરાતનાં ગૌરવ પુરસ્કારથી સન્માનીત નયન પંચોલીએ ગાંધીનગરનાં ઉઘડતા અવાજને તરાશવાનું કાર્ય કરી રહ્યાં છે. એમનાં કંઠની આહલાદકતાં શ્રોતાઓને જલદીથી પોતાનાં કરી લે છે. ધુણી રે ધખાવી બેલી અમે તારા નામની, અમે તારા નામની ને અલખનારે ધામની.. તબલાં ઢોલકને રમઝટ સાથે નયન પંચોલી છવાઈ ગયા... સત્યના માર્ગે શરૂઆત માં તકલીફ પડે જયારે ખોટાં માર્ગે શરૂઆતમાં મજા પડે અને પછી તકલીફો પડે, સત્યનાં માર્ગે ચાલવું એટલે વાવાઝોડાની દિવો લઈ આરતી ઉતારવાની કસોટી જેવી વાત સાથે અવિનાશ વ્યાસની રચના કોઈનાં ભંડાર ભરેલા, કોઈના ઠામ ઠાલા મંદિર ઉઘાડોને તારે મોંઢે તાળા, હજાર હાથ વાળા.. ભજન નયન પંચોલીનો રજૂઆતો પ્રભુ દર્શન કરાવ્યાં...

ભજન કિર્તનનાં કાર્યક્રમમાં કૃષ્ણભક્તિ એ અવશ્ય આવે જ અને આજે 'હે ઓધાજી એમ મારાં વહાલાને વઢીને કહેજો... નું' અતિપ્રિય પદ ડૉ. ફાલ્ગુની એ રજૂ કર્યું એનો અવાજ પણ શ્રોતાઓને હંમેશની જેમ ડોલાવી ગયો.. આદર્શ દાંમ્પત્યમાં જે શ્રેષ્ઠ ગણાય છે એમાં રામ - સીતામાં સીતાજી શ્રેષ્ઠતાનું ભજન 'મારા રામ તમે સીતાજીનાં...'ની રસતરબોળ રજૂઆત સાથે રંગત જમાવી રાખવામાં ફાલ્ગુની ડૉકટર સૂરનાં પણ ડૉકટર સાબિત થયાં...

'મન મળે ને ઘણાં મેળાપ સર્જાય અને મેળે મેળે મળે એનું નામ મેળો'ની માર્મિક વાત સાથે પુરુષોત્તમ ઉપાધ્યાય 'મન મળે ત્યાં મેળો રે મનવા' ભજન ગાયું 'મન હસે તો સુખની હેલી, નહીં તો દુઃખનો દરિયો'નો અંતરો સ્પર્શી જાય એવો રહ્યો... ફુગ્ગામાંય હવે છે તે બહાર પણ હવાં છે, એ તણખલું ટકરાતાં ફુગ્ગા જેવાં માણસની હવા નીકળી જાય છે, માટલાં ને

ટકોર મારી ચકાસીને લેતો માણસ, માટલાં કરતાંય વહેલો તૂટી જાય છે જેવી જિંદગીની ક્ષણભંગૂરતાનું દર્શન સાથે 'રાખનાં રમકડાંને મારાં રામે...', ભજન પુરુષોત્તમભાઈએ પૂરતો ન્યાય આપ્યો...

ઉઘડતે પડદે
–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

રાતોની રાતો ઉજાગરા કરી જેમણે કવિતાઓ લખેલી અને જેમનાં યોગદાનથી ગુજરાતી સંગીત સમૃદ્ધ છે એવાં અવિનાશ વ્યાસે લગભગ ૧૫ હજારથી વધુ ગીતો આપ્યાં છે, એમણે પ્રભાતિયાંથી હાલરડાં સુધી દરેક રેન્જમાં ગીતો લોકોનાં મોઢે રમતાં કર્યાં છે અને પુરુષોત્તમભાઈએ એમની સાથે એમનાં પડછાયાની જેમ જીવ્યા છે એમનાં જીવનની ખટ્ટી-મીઠી એમનાં ગીતોની વચ્ચે વાગોળી.. 'કોઈ રે ઉકેલો આંટી, કોઈની માટી લઈ મટકાની ઘાટી, તરસ્યાને પાણી રે પાતી'ના ભજન વચ્ચે 'માટી કહે કુંભાર સે તુ કયા રોંદે મોયે, ઈક દિન ઐસા આયેગા મેં રોદુંગી તોય'નો દોગો જમાવટ કરી ગયો.

'વહેમ વીનાનો કોઈ પુરુષ નથી ને અદેખાઈ વિનાની કોઈ સ્ત્રી નથી' અને 'સંબંધો તૂટે એનું નામ શંકા, સંબંધો સાંધવાનું નામ શ્રદ્ધા' જેવી વાત સાથે પુરુષોત્તમ ઉપાધ્યાય અને હંસા દેવે ગાયેલું 'નામ શ્રદ્ધા ખુદાને પામવાનું...'રજૂઆતને શ્રોતાઓએ જબરદસ્ત તાળીઓથી વધાવી લીધું.. ઊંચી મેડી તે મારા સંતની રે...' અને 'માં એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે..' બંને રચના હંસા દવેએ રજૂ કરી અને શ્રોતાઓએ મોટું મન રાખી એમને માણી અને તબલાં ઢોલકનાં સંગે હંસા દવે સચવાઈ ગયા... રિયાઝની કમી અને ઉંમરની અસર સીધી અવાજ પર ઉતરી આવેલાં હંસાબેનને એમના અગાઉનાં ગાયેલાં ગીતોની નામનામે કારણે કદાચ લવાયાં હશે પણ એમનાં ગાયેલાં ગીતોને ફાલ્ગુની ડૉકટરે વધુ સારો ન્યાય આપી શકયા હોત..

'તન ત્યાગે મન માંગે, ને મન માંગે તો તન ત્યાગે, કે વિધીનું વાજીંત્ર એવું કે છેડો ત્યારે ના વાગે' અને 'એક વાર શ્યામ તમે રાધાને કહી દો કે ગોકુળીએ ગામ નહીં આવું રે' બંને રચના પુરુષોત્તમે એંશી વર્ષે ગાઈને સાબિત કર્યું એ સર્વોત્તમ છે. આજનાં આ કાર્યક્રમમાં અત્યંત યુવા તબલચી હાર્દિક પટેલે ગાયકોના ગીતોના ઉઠાવમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપેલું. દરેક કલાકારનો પરિચય સવિસ્તાર આપીને પુરુષોત્તમે બધાંને યોગ્ય સન્માન આપ્યું. નયન પંચોલી એમનો માનીતો ગાયક છે. અને મોરારીબાપુએ જ્યારે એનાં ગુણગાન ગાયાં ત્યારે ગુરૂ કરતાં શિષ્ય સવાયો એવી સંતુષ્ટી મળી અને એ વાત સાથે નયન પંચોલી સાથે જ યુગલ ગીત ગવાયું...

સુંદરમની રચના 'સબ આપની આપની ગત મેં...'ની જુગલબંધી જોરદાર રહી અને એ રજૂઆત વખતે ઓર્ગન પર સિતાર અને તબલાંની જુગલબંદી અદભુત રહી.. પુરુષોત્તમ ઉપાધ્યાયનું મનગમતું ગીત 'ગે રંગલો જામ્યો કાલિદંડીને ઘાટ, છોગાળા તારા....'સાથે સૂરાત્તમ પુરુષોત્તમનાં ખજાનાંમાં સચવાયેલાં ગીતો અને વાતોની ભક્તિમય રજૂઆતના ઉડતાં પતંગની મધુરાં સ્વરનાં સહેજ પરિપૂર્ણ થઈ ગઈ.

શિવરંજનીએ શ્રેષ્ઠ પરફોર્મ એવાં પુરુષોત્તમ ઉપાધ્યાયને લઈ આવવું શ્રેષ્ઠ સાબિત થયું પણ સાથે સાથે ડૉ. ફાલ્ગુનીને બે જ ગીતો? નયન પંચોલીને પણ શરૂઆત અને અંતમાં તક? હંસા દવેને કેમ ગવડાવ્યું? પુરુષોત્તમ ઉપાધ્યાય અવિનાશ વ્યાસની અગાઉ કીધેલી વાતો ફરી કેમ વાગોળી? જેવાં પ્રશ્નો આ લખનારની સાથોસાથ શ્રોતાઓને પણ થયાં જ હશે? તેજસ મજમુદાર અને તબલચી બંનેની સંગત સાથે પુરુષોત્તમ સર્વોત્તમનાં અડીખમ અવાજે આખોય કાર્યક્રમ જામી ગયો.